# Role of the Board of Directors for Investment Portfolio

**Part I**

## રોકાણ નીતિ (Investment Policy) ની મંજૂરી અને વાર્ષિક સમીક્ષા

### A. RBIની અપેક્ષા

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની અપેક્ષા છે કે દરેક અર્બન કો-ઓપરેટિવ બેંક પાસે બોર્ડ દ્વારા મંજૂર થયેલી વ્યાપક (Comprehensive) રોકાણ નીતિ હોવી જોઈએ. આ નીતિ બેંકના કદ, વ્યવસાયની પ્રકૃતિ, જોખમ સહન કરવાની ક્ષમતા (Risk Appetite), પ્રવાહિતા (Liquidity), મૂડીની સ્થિતિ, આંતરિક નિયંત્રણ વ્યવસ્થા અને ટ્રેઝરીની કામગીરીને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવવી જોઈએ.

રોકાણ નીતિ માત્ર એક ઔપચારિક દસ્તાવેજ ન રહે, પરંતુ તે બેંકની તમામ રોકાણ પ્રવૃત્તિઓ માટે માર્ગદર્શક દસ્તાવેજ તરીકે કાર્ય કરે અને RBIની તમામ લાગુ પડતી માર્ગદર્શિકાઓ સાથે સુસંગત રહે તે બોર્ડે સુનિશ્ચિત કરવું જોઈએ.

બોર્ડ દર વર્ષે ઓછામાં ઓછું એક વખત રોકાણ નીતિની સમીક્ષા કરશે અને જો RBI દ્વારા કોઈ નવી સૂચનાઓ અથવા સુધારા બહાર પાડવામાં આવે તો જરૂરી ફેરફારો કરીને નીતિને અપડેટ કરશે.

### B. બોર્ડની વિગતવાર જવાબદારી

રોકાણ નીતિની મંજૂરી આપવી એ બોર્ડની સૌથી મહત્વપૂર્ણ જવાબદારીઓ પૈકીની એક છે. બોર્ડે માત્ર નીતિને મંજૂરી આપવી પૂરતી નથી, પરંતુ તેની ખાતરી કરવી જોઈએ કે નીતિમાં બેંકના તમામ પ્રકારના રોકાણો, જોખમ વ્યવસ્થાપન, સત્તા મર્યાદાઓ, આંતરિક નિયંત્રણો, મૂલ્યાંકન પદ્ધતિ, એકાઉન્ટિંગ, ઓડિટ, રિપોર્ટિંગ અને નિયમનકારી પાલનની સ્પષ્ટ જોગવાઈઓ સમાવિષ્ટ છે.

બોર્ડે ખાતરી કરવી જોઈએ કે રોકાણ નીતિ બેંકની નાણાકીય સ્થિતિ, મૂડીની ઉપલબ્ધતા, પ્રવાહિતાની જરૂરિયાત, બજારની સ્થિતિ અને બેંકની જોખમ સહન કરવાની ક્ષમતાને અનુરૂપ છે. નીતિ અત્યંત રૂઢિચુસ્ત અથવા અત્યંત આક્રમક ન હોવી જોઈએ, પરંતુ સલામતી, પ્રવાહિતા અને વાજબી આવક (Safety, Liquidity and Return) વચ્ચે સંતુલન જાળવે તેવી હોવી જોઈએ.

બોર્ડે દર વર્ષે નીતિની સમીક્ષા કરતી વખતે નીચેના મુદ્દાઓનું વિશ્લેષણ કરવું જોઈએ:

- RBI દ્વારા બહાર પાડવામાં આવેલી નવી સૂચનાઓ.
- રોકાણ પોર્ટફોલિયોની કામગીરી.
- બજારના વ્યાજદર અને માર્કેટ રિસ્કમાં થયેલા ફેરફારો.
- ઓડિટ, નિરીક્ષણ (Inspection) અને Compliance માં દર્શાવાયેલી ખામીઓ.
- જોખમ વ્યવસ્થાપન અને આંતરિક નિયંત્રણોની અસરકારકતા.
- અગાઉના વર્ષની નીતિમાં સુધારા કરવાની જરૂરિયાત.

જો બેંક નવા પ્રકારના રોકાણો, નવી ટેક્નોલોજી, નવા ટ્રેડિંગ પ્લેટફોર્મ અથવા નવા નિયમનકારી માળખામાં પ્રવેશે, તો બોર્ડે જરૂરી સુધારા કરીને નીતિને સમયસર અપડેટ કરવી જોઈએ.

**C. બોર્ડ દ્વારા મેનેજમેન્ટને આપવાની સૂચનાઓ**

બોર્ડ નીચે મુજબની સૂચનાઓ આપી શકે:

1. રોકાણ નીતિની દર વર્ષે સમીક્ષા કરીને જરૂરી સુધારાઓ સાથે બોર્ડ સમક્ષ મંજૂરી માટે રજૂ કરવામાં આવે.
2. RBI દ્વારા બહાર પાડવામાં આવેલી તમામ નવી માર્ગદર્શિકાઓનું સમયસર વિશ્લેષણ કરીને તેની અસર અંગેનો નોંધપાત્ર અહેવાલ (Impact Analysis) બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવે.
3. રોકાણ નીતિનું સંપૂર્ણ પાલન થાય તે માટે વિગતવાર **Standard Operating Procedures (SOPs)** અને **Treasury Operations Manual** તૈયાર કરવામાં આવે.
4. રોકાણ સંબંધિત તમામ અધિકારીઓને સમયાંતરે તાલીમ (Training) આપવામાં આવે જેથી તેઓ નવી નિયમનકારી આવશ્યકતાઓથી પરિચિત રહે.
5. નીતિના પાલનની સ્થિતિ અંગે ત્રિમાસિક Compliance Certificate બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવે.
6. નીતિથી કોઈપણ પ્રકારનું વિચલન (Deviation) અથવા ઉલ્લંઘન (Violation) થાય તો તેની જાણ તરત જ મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) અને બોર્ડને કરવામાં આવે તથા સુધારાત્મક પગલાં લેવામાં આવે.
7. રોકાણ નીતિ, Delegation of Powers, Risk Limits અને Exposure Limits તમામ સંબંધિત અધિકારીઓને ઉપલબ્ધ કરાવવામાં આવે અને તેનું પાલન નિયમિતપણે મોનિટર કરવામાં આવે.

**D. બોર્ડ સમક્ષ રજૂ થનારા MIS / અહેવાલો**

બોર્ડને યોગ્ય અને સમયસર નિર્ણય લેવામાં મદદરૂપ થાય તે માટે મેનેજમેન્ટ દ્વારા નીચે મુજબના અહેવાલો નિયમિત રીતે રજૂ કરવા જોઈએ:

**1. રોકાણ નીતિની વાર્ષિક સમીક્ષા નોંધ**

- વર્તમાન રોકાણ નીતિમાં સૂચવાયેલા સુધારા.
- સુધારાનું કારણ.
- સંબંધિત RBI પરિપત્ર / માર્ગદર્શિકા.
- સુધારાથી બેંક પર થનારી અસર.

**2. RBI Compliance Report**

- છેલ્લા એક વર્ષ દરમિયાન બહાર પડેલા RBIના તમામ રોકાણ સંબંધિત પરિપત્રોની યાદી.
- દરેક પરિપત્ર સામે થયેલ Compliance.
- બાકી રહેલા Compliance મુદ્દાઓ.

**3. Policy Deviation Report**

- રોકાણ નીતિથી થયેલા કોઈપણ વિચલનની વિગતો.
- વિચલનનું કારણ.
- જવાબદાર અધિકારી.
- લેવામાં આવેલ સુધારાત્મક પગલાં.

**4. Investment Portfolio Summary**

- કુલ રોકાણ.
- SLR અને Non-SLR રોકાણ.
- HTM / AFS / HFT મુજબ વર્ગીકરણ.
- સરેરાશ યીલ્ડ.
- માર્કેટ વેલ્યૂ.
- MTM નફો/નુકસાન.

**5. Risk Dashboard**

- Interest Rate Risk
- Duration
- Credit Rating Profile
- Counterparty Exposure
- Sector-wise Exposure
- Liquidity Position
- Stress Test Results

**6. Regulatory Compliance Certificate**

CEO / Treasury Head દ્વારા પ્રમાણિત કરવામાં આવે કે:

- રોકાણ નીતિનું પાલન થયું છે.
- RBIની તમામ માર્ગદર્શિકાનું પાલન થયું છે.
- કોઈ ગંભીર ઉલ્લંઘન થયેલ નથી.

**7. Audit Compliance Report**

- આંતરિક ઓડિટ.
- Concurrent Audit.

- Statutory Audit.
- RBI Inspection.

દરેક અવલોકન સામે થયેલ Compliance.

**E. Audit Committee શું તપાસશે?**

**Audit Committee of the Board (ACB)** રોકાણ વ્યવસ્થાની સ્વતંત્ર દેખરેખ **(Independent Oversight)** રાખશે અને નીચેના મુદ્દાઓની વિગતવાર સમીક્ષા કરશે:

**1.** રોકાણ નીતિનું પાલન

- બોર્ડ દ્વારા મંજૂર થયેલ રોકાણ નીતિનું સંપૂર્ણ પાલન થયું છે કે નહીં.
- કોઈ નીતિ વિચલન **(Policy Deviation)** થયું હોય તો તેનું કારણ અને મંજૂરીની પ્રક્રિયા.

**2.** નિયમનકારી પાલન **(Regulatory Compliance)**

- **RBI, SEBI, FIMMDA, FBIL** તથા અન્ય લાગુ પડતા નિયમોનું પાલન થયું છે કે નહીં.
- **RBI** દ્વારા બહાર પાડવામાં આવેલી નવી સૂચનાઓનો સમયસર અમલ કરવામાં આવ્યો છે કે નહીં.

**3.** આંતરિક નિયંત્રણ વ્યવસ્થા

- **Maker–Checker** સિસ્ટમ અસરકારક છે કે નહીં.
- **Front Office, Mid Office** અને **Back Office** વચ્ચે કાર્યનું યોગ્ય વિભાજન **(Segregation of Duties)** છે કે નહીં.
- સત્તાની મર્યાદા **(Delegation of Powers)** મુજબ રોકાણો મંજૂર કરવામાં આવ્યા છે કે નહીં.

**4.** રોકાણ વ્યવહારોની ચકાસણી

- મોટા મૂલ્યના રોકાણ વ્યવહારો **(Large Value Transactions).**
- અસામાન્ય અથવા અપવાદરૂપ **(Exception)** વ્યવહારો.
- સંબંધિત પક્ષો **(Related Parties)** સાથેના વ્યવહારો, જો હોય તો.

**5.** રોકાણનું વર્ગીકરણ અને મૂલ્યાંકન

- **HTM, AFS** અને **HFT** વર્ગીકરણ **RBI** મુજબ કરવામાં આવ્યું છે કે નહીં.
- **Mark-to-Market (MTM)** મૂલ્યાંકન યોગ્ય રીતે થયું છે કે નહીં.
- **Premium Amortisation, Depreciation** તથા **Provisioning** યોગ્ય રીતે કરવામાં આવ્યા છે કે નહીં.

**6.** જોખમ વ્યવસ્થાપન

- **Interest Rate Risk.**

- **Market Risk.**
- **Credit Risk.**
- **Liquidity Risk.**
- **Concentration Risk.**
- **Counterparty Risk.**

આ તમામ જોખમોનું યોગ્ય રીતે મૂલ્યાંકન અને મોનિટરિંગ થાય છે કે નહીં.

**7. Exposure Limits**

**Audit Committee** ખાતરી કરશે કે:

- **Single Issuer Limit.**
- **Group Exposure.**
- **Non-SLR Exposure.**
- **Broker-wise Exposure.**
- **Counterparty Exposure.**
- **Prudential Limits.**

**RBI** તથા બોર્ડ દ્વારા મંજૂર મર્યાદામાં જ રાખવામાં આવ્યા છે.

**8.** ઓડિટ અવલોકનોનું પાલન

- **Concurrent Audit.**
- **Internal Audit.**
- **Statutory Audit.**
- **RBI Inspection.**

દ્વારા દર્શાવવામાં આવેલી ખામીઓ પર સમયસર સુધારાત્મક પગલાં લેવામાં આવ્યા છે કે નહીં.

**9. Reconciliation** અને **Settlement**

- **SGL/CSGL Reconciliation** સમયસર થાય છે કે નહીં.
- **Demat Reconciliation.**
- **Investment Ledger Reconciliation.**
- **Settlement Failure** અથવા **SGL Bouncing** જેવી ઘટનાઓની સમીક્ષા.

**10.** નાણાકીય અહેવાલ અને ખુલાસાઓ

- રોકાણ સંબંધિત એકાઉન્ટિંગ **RBI** મુજબ થયું છે કે નહીં.
- **Financial Statements**માં જરૂરી તમામ **Disclosure** કરવામાં આવ્યા છે કે નહીં.

- **IFR, IDR તથા NPI સંબંધિત જોગવાઈઓનું પાલન થયું છે કે નહીં.**

**11. Compliance Certificate**

- **Treasury Head / Compliance Officer દ્વારા રજૂ કરાયેલ Compliance Certificateની સમીક્ષા.**
- **જો કોઈ ઉલ્લંઘન થયું હોય તો તેના કારણો અને સુધારાત્મક કાર્યવાહી.**

**12. અનુસરણ (Follow-up)**

**Audit Committee એ ખાતરી કરવી કે:**

- **અગાઉના Audit Committeeના નિર્ણયોનો અમલ થયો છે.**
- **બોર્ડ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનું પાલન થયું છે.**
- **બાકી રહેલા મુદ્દાઓ માટે સમયબદ્ધ કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે.**

**Audit Committeeનું નિષ્કર્ષ (Suggested Observation)**

**Audit Committee એ ખાતરી કરવી જોઈએ કે બેંકની તમામ રોકાણ પ્રવૃત્તિઓ બોર્ડ દ્વારા મંજૂર થયેલી રોકાણ નીતિ, RBIની માર્ગદર્શિકાઓ અને આંતરિક નિયંત્રણ વ્યવસ્થાને અનુરૂપ છે. સમિતિએ ઓડિટ અવલોકનો, જોખમોની સ્થિતિ, નિયમનકારી પાલન અને સુધારાત્મક પગલાંની અસરકારકતાની નિયમિત સમીક્ષા કરીને જરૂરી સૂચનાઓ બોર્ડને આપવી જોઈએ.**

**F. સારા ગવર્નન્સ માટે શ્રેષ્ઠ પ્રથાઓ (Best Practices)**

સારા કોર્પોરેટ ગવર્નન્સ અને અસરકારક રોકાણ વ્યવસ્થાપન માટે બોર્ડે નીચેની શ્રેષ્ઠ પ્રથાઓ અપનાવવી જોઈએ:

**1. વાર્ષિક સમીક્ષા પૂરતી ન ગણવી**

રોકાણ નીતિની માત્ર વાર્ષિક સમીક્ષા કરવાને બદલે, RBI દ્વારા કોઈ નવી માર્ગદર્શિકા બહાર પડે, વ્યાજદરના બજારમાં નોંધપાત્ર ફેરફાર થાય અથવા રોકાણ પોર્ટફોલિયાના જોખમમાં વધારો થાય ત્યારે તરત જ નીતિની સમીક્ષા કરવી.

**2. Risk Appetite સ્પષ્ટ નક્કી કરવી**

બોર્ડે સ્પષ્ટપણે નક્કી કરવું જોઈએ કે બેંક કેટલી હદ સુધી બજાર જોખમ, ક્રેડિટ જોખમ અને પ્રવાહિતા જોખમ સ્વીકારી શકે છે. આ Risk Appetite Policy રોકાણ નીતિનો અભિન્ન ભાગ હોવી જોઈએ.

**3. MIS ને માત્ર માહિતી તરીકે ન જોવું**

બોર્ડ સમક્ષ રજૂ થતો Investment MIS માત્ર વાંચવાનો દસ્તાવેજ ન રહે, પરંતુ તેના આધારે ચર્ચા, પ્રશ્નોત્તરી અને નિર્ણય લેવામાં આવે.

**4. બોર્ડ સભ્યો માટે તાલીમ**

દર વર્ષે ઓછામાં ઓછું એક તાલીમ કાર્યક્રમ યોજવો જેમાં નીચેના વિષયો આવરી લેવાય:

- RBIની નવી માર્ગદર્શિકાઓ
- વ્યાજદર જોખમ
- માર્કેટ રિસ્ક
- Non-SLR રોકાણ
- Treasury Governance
- Cyber Risk in Treasury Operations

**5. Policy Exception Register જાળવવું**

રોકાણ નીતિથી થયેલા દરેક અપવાદ (Exception) માટે અલગ રજિસ્ટર રાખવું અને દરેક બોર્ડ બેઠકમાં તેની સમીક્ષા કરવી.

**6. Dashboard આધારિત સમીક્ષા**

બોર્ડ સમક્ષ 40-50 પાનાંના અહેવાલને બદલે એક Executive Dashboard રજૂ કરવો જેમાં મુખ્ય સૂચકાંકો (KPIs/KRIs) સમાવિષ્ટ હોય.

**7. Independent Risk Review**

Risk Management Department દ્વારા Treasury Departmentથી સ્વતંત્ર રીતે રોકાણ પોર્ટફોલિયાની સમીક્ષા કરાવવી.

**8. Stress Testing**

દર છ મહિને વ્યાજદરમાં વધારો, Credit Rating Downgrade અને Liquidity Shock જેવી પરિસ્થિતિઓમાં પોર્ટફોલિયો પર થતી અસરનું Stress Testing કરીને બોર્ડ સમક્ષ રજૂ કરવું.

**9. Early Warning Indicators**

બોર્ડ માટે નીચેના Early Warning Indicators વિકસાવવા:

- સતત MTM નુકસાન
- Rating Downgrade
- Concentration Riskમાં વધારો
- Broker Limit નજીક પહોંચવી
- Settlement Failure
- SGL Bouncing
- Liquidity Pressure

**10. Action Taken Report (ATR)**

દરેક Audit, RBI Inspection અને Board Observation સામે Action Taken Report આગામી બેઠકમાં રજૂ કરવી.

ઉદાહરણ

**ઉદાહરણ – 1 : RBIની નવી માર્ગદર્શિકા**

RBIએ Investment Fluctuation Reserve (IFR) અંગે સુધારેલી માર્ગદર્શિકા બહાર પાડી.

**સારી પ્રથા:**

- Treasury Department એક અઠવાડિયામાં Impact Note તૈયાર કરે.
- Risk Management Department તેની અસરનું મૂલ્યાંકન કરે.
- Audit Committee તેની સમીક્ષા કરે.
- Board આગામી બેઠકમાં Policy Amendment મંજૂર કરે.
- સુધારેલી નીતિ તમામ અધિકારીઓને મોકલવામાં આવે.

**ઉદાહરણ – 2 : વ્યાજદરમાં અચાનક વધારો**

બજારમાં વ્યાજદર 1.50% વધી જાય છે જેના કારણે AFS પોર્ટફોલિયોમાં MTM નુકસાન થાય છે.

**સારી પ્રથા:**

- Treasury તરત MTM Report તૈયાર કરે.
- Stress Test રજૂ કરે.
- IFRની ઉપલબ્ધતા દર્શાવે.
- Risk Management Department અસરનું વિશ્લેષણ કરે.
- Board જરૂરી હોય તો Duration ઘટાડવાનો નિર્ણય કરે.

**ઉદાહરણ – 3 : Audit Observation**

Concurrent Auditor નોંધે છે કે કેટલાક Deal Slips પર અધિકૃત સહી નથી.

**સારી પ્રથા:**

- Back Office તમામ Deal Slipsની ચકાસણી કરે.
- SOPમાં સુધારો કરવામાં આવે.
- સંબંધિત અધિકારીઓને તાલીમ આપવામાં આવે.
- Audit Committee આગામી બેઠકમાં Compliance Reportની સમીક્ષા કરે.

**ઉદાહરણ – 4 : Policy Deviation**

Treasury Departmentએ મંજૂર Counterparty Limit કરતાં વધુ રકમ એક બેંકમાં મૂકી.

**સારી પ્રથા:**

- CEOને તરત જાણ કરવામાં આવે.
- કારણોની તપાસ થાય.
- Board સમક્ષ Deviation Note રજૂ થાય.
- Exposure ઘટાડવા માટે સમયબદ્ધ યોજના બનાવવામાં આવે.
- ભવિષ્યમાં આવી ઘટના ન બને તે માટે સિસ્ટમમાં નિયંત્રણો મજબૂત કરવામાં આવે.

**Part II**

**HTM, AFS અને HFT શ્રેણીઓ વચ્ચે રોકાણનું વર્ગીકરણ (Shifting) મંજૂર કરવું**

**RBIની અપેક્ષા**

RBIના નિર્દેશો મુજબ બેંકે રોકાણ ખરીદતી વખતે જ તેને **Held to Maturity (HTM), Available for Sale (AFS)** અથવા **Held for Trading (HFT)** શ્રેણીમાં વર્ગીકૃત કરવું જોઈએ. એકવાર થયેલ વર્ગીકરણમાં ફેરફાર માત્ર RBIના નિયમો મુજબ અને બોર્ડની મંજૂરીથી જ થઈ શકે. બિનજરૂરી અથવા વારંવાર વર્ગીકરણ બદલવાથી નાણાકીય પરિણામો (Financial Results) પર કૃત્રિમ અસર થઈ શકે છે, તેથી RBIએ આ પ્રક્રિયા પર કડક નિયંત્રણ રાખ્યું છે.

**બોર્ડની વિગતવાર જવાબદારી**

બોર્ડે ખાતરી કરવી જોઈએ કે HTM, AFS અને HFT વચ્ચે કોઈપણ Shifting માત્ર વાસ્તવિક વ્યવસાયિક જરૂરિયાત, પ્રવાહિતાની સ્થિતિ, જોખમ વ્યવસ્થાપન અથવા RBIના નિયમોને અનુરૂપ કારણોસર જ કરવામાં આવે. માત્ર નફો વધારવા અથવા MTM નુકસાન ટાળવા માટે વર્ગીકરણમાં ફેરફાર ન કરવો.

શિફ્ટિંગ પહેલાં બોર્ડ સમક્ષ વિગતવાર નોંધ રજૂ થવી જોઈએ જેમાં શિફ્ટિંગનું કારણ, અસરગ્રસ્ત સિક્યોરિટીઝની વિગતો, Book Value, Market Value, Profit/Loss પર અસર, CRAR પર અસર અને ભવિષ્યના જોખમોનો ઉલ્લેખ હોય.

બોર્ડે એ પણ ખાતરી કરવી જોઈએ કે Shifting પછી જરૂરી Accounting Entries, Valuation, Provisioning અને Disclosure RBIની માર્ગદર્શિકા મુજબ કરવામાં આવ્યા છે.

**બોર્ડે મેનેજમેન્ટને આપવાની સૂચનાઓ**

- Shifting માટે વિગતવાર Note સાથે મંજૂરી મેળવવી.
- દરેક Shifting માટે વ્યવસાયિક કારણો (Business Justification) નોંધવા.
- Shifting પછી Accounting અને Valuationની સ્વતંત્ર ચકાસણી કરાવવી.
- તમામ Shiftingની વિગતો આગામી Audit Committee અને Board સમક્ષ રજૂ કરવી.
- RBIના નિયમોનું સંપૂર્ણ પાલન સુનિશ્ચિત કરવું.

**બોર્ડ સમક્ષ રજૂ થનારા MIS / અહેવાલો**

- HTM, AFS અને HFT મુજબ પોર્ટફોલિયોની સ્થિતિ.
- વર્ષ દરમિયાન થયેલ તમામ Shiftingની વિગતો.
- Shiftingના કારણે થયેલી MTM અસર.
- Accounting અને Provisioningની અસર.
- Compliance Certificate.

**Audit Committee શું તપાસશે?**

- શું Shifting RBIની મંજૂર પરિસ્થિતિમાં જ કરવામાં આવ્યું છે?
- શું બોર્ડની પૂર્વ મંજૂરી લેવામાં આવી હતી?
- Book Value અને Market Value યોગ્ય રીતે ગણવામાં આવી છે?
- જરૂરી Provision અને Disclosure કરવામાં આવ્યા છે?
- Shiftingનો ઉપયોગ નફો વધારવા માટે તો થયો નથી?

**સારા ગવર્નન્સ માટે શ્રેષ્ઠ પ્રથાઓ**

- Shifting માટે વિગતવાર **Business Justification Note** ફરજિયાત બનાવવી.
- દરેક Shifting પહેલાં Risk Management Departmentનો અભિપ્રાય લેવો.
- Audit Committee દ્વારા દરેક Shiftingની સમીક્ષા કરવી.
- વર્ષ દરમિયાન થયેલ Shiftingનું Trend Analysis તૈયાર કરવું.

**UCB માટે વ્યવહારુ ઉદાહરણ**

બેંક પાસે ₹50 કરોડની Government Securities AFSમાં છે. વ્યાજદર સતત ઘટવાના કારણે મેનેજમેન્ટ તેને HTMમાં સ્થાનાંતરિત કરવાની ભલામણ કરે છે.

બોર્ડે માત્ર આ ભલામણ સ્વીકારવી નહીં પરંતુ નીચેના પ્રશ્નોના જવાબ માંગવા જોઈએ:

- શિફ્ટિંગ શા માટે જરૂરી છે?
- MTM પર તેની શું અસર થશે?
- Liquidity પર શું અસર પડશે?
- RBIના તમામ નિયમોનું પાલન થયું છે?

સંતોષકારક જવાબ મળ્યા બાદ જ મંજૂરી આપવી.

**Part III**

## રોકાણ વ્યવહારોમાં RBI, SEBI અને સ્ટોક એક્સચેન્જના તમામ નિયમોનું પાલન સુનિશ્ચિત કરવું

### RBIની અપેક્ષા

RBIની અપેક્ષા છે કે બેંકના તમામ રોકાણ વ્યવહારો RBI, SEBI, NSE, BSE, CCIL, FBIL અને FIMMDA દ્વારા બહાર પાડવામાં આવેલી લાગુ પડતી માર્ગદર્શિકાઓ મુજબ જ કરવામાં આવે. કોઈપણ નિયમનકારી ઉલ્લંઘન બેંકની પ્રતિષ્ઠા, નાણાકીય સ્થિતિ અને નિયમનકારી વિશ્વસનીયતા પર પ્રતિકૂળ અસર કરી શકે છે.

### બોર્ડની વિગતવાર જવાબદારી

બોર્ડે ખાતરી કરવી જોઈએ કે રોકાણ વ્યવસ્થામાં લાગુ પડતા તમામ નિયમોનું પાલન કરવા માટે મજબૂત Compliance Framework કાર્યરત છે. નિયમનકારી ફેરફારોનું સતત મોનિટરિંગ થાય અને તે મુજબ બેંકની નીતિઓ તથા SOPમાં સમયસર સુધારા કરવામાં આવે.

બોર્ડે Compliance Officer અને Treasury Head પાસેથી સમયાંતરે પ્રમાણપત્ર મેળવવું જોઈએ કે તમામ રોકાણ વ્યવહારો નિયમો મુજબ કરવામાં આવ્યા છે અને કોઈ ગંભીર ઉલ્લંઘન થયું નથી.

જો કોઈ નિયમનકારી ઉલ્લંઘન થાય તો તેના કારણો, જવાબદાર અધિકારીઓ અને સુધારાત્મક પગલાંની સમીક્ષા કરીને ભવિષ્યમાં પુનરાવર્તન ન થાય તે માટે જરૂરી સૂચનાઓ આપવી.

### બોર્ડે મેનેજમેન્ટને આપવાની સૂચનાઓ

- Regulatory Compliance Register જાળવવો.
- RBI/SEBIના નવા પરિપત્રોનું Impact Analysis તૈયાર કરવું.
- Treasury અધિકારીઓને નિયમિત તાલીમ આપવી.
- Compliance Certificate દરેક ત્રિમાસિક બોર્ડ સમક્ષ રજૂ કરવું.
- કોઈપણ ઉલ્લંઘનની તાત્કાલિક જાણ કરવી.

### બોર્ડ સમક્ષ રજૂ થનારા MIS / અહેવાલો

- Regulatory Compliance Report.
- Pending Compliance Report.
- Regulatory Circular Tracker.
- Policy Amendment Report.
- Compliance Exceptions.

**Audit Committee શું તપાસશે?**

- તમામ રોકાણ વ્યવહારો RBI/SEBIના નિયમો મુજબ થયા છે?
- કોઈ નિયમનકારી ઉલ્લંઘન થયું છે?
- Compliance Report વિશ્વસનીય છે?
- Audit અને RBI Inspectionના મુદ્દાઓનું પાલન થયું છે?
- સમયસર Regulatory Reporting કરવામાં આવી છે?

**સારા ગવર્નન્સ માટે શ્રેષ્ઠ પ્રથાઓ**

- Compliance Dashboard તૈયાર કરવો.
- Regulatory Change Management System વિકસાવવી.
- દર ત્રિમાસિક Compliance Review કરવી.
- Annual Compliance Certification મેળવવું.

**UCB માટે વ્યવહારુ ઉદાહરણ**

RBI દ્વારા Government Securitiesના Valuation સંબંધિત નવી માર્ગદર્શિકા બહાર પાડવામાં આવે.

Treasury વિભાગે તરત જ તેનો અભ્યાસ કરીને Accounting અને Valuationમાં જરૂરી ફેરફારો કરવા જોઈએ અને આગામી Board Meetingમાં Compliance Note રજૂ કરવી જોઈએ.

**Part IV**

## Non-SLR રોકાણ પોર્ટફોલિયોની ત્રિમાસિક સમીક્ષા કરવી

### RBIની અપેક્ષા

RBIએ બોર્ડને ઓછામાં ઓછું દર ત્રિમાસિક Non-SLR રોકાણોની સમીક્ષા કરવાની જવાબદારી સોંપી છે. આ સમીક્ષામાં માત્ર રોકાણની રકમ જ નહીં, પરંતુ તેની ગુણવત્તા, જોખમ, રેટિંગ, એક્સપોઝર, કામગીરી અને નિયમનકારી પાલનનું પણ મૂલ્યાંકન કરવું આવશ્યક છે.

### બોર્ડની વિગતવાર જવાબદારી

બોર્ડે Non-SLR પોર્ટફોલિયોની સમીક્ષા કરતી વખતે તેની રચના (Composition), Issuer-wise અને Sector-wise Exposure, Credit Rating Profile, Yield, Maturity Profile અને Liquidity Positionનું વિશ્લેષણ કરવું જોઈએ.

જો કોઈ સિક્યોરિટીની Credit Ratingમાં ઘટાડો થયો હોય, કોઈ રોકાણ Non-Performing Investment (NPI) બનવાની શક્યતા હોય અથવા કોઈ એક Issuer/Groupમાં વધુ પડતું રોકાણ થયું હોય તો બોર્ડે તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવા માટે મેનેજમેન્ટને સૂચના આપવી જોઈએ.

બોર્ડે એ પણ ખાતરી કરવી જોઈએ કે Non-SLR રોકાણો બોર્ડ દ્વારા મંજૂર કરેલી Risk Appetite અને RBIની Prudential Limitsની અંદર જ છે.

### બોર્ડે મેનેજમેન્ટને આપવાની સૂચનાઓ

- દર ત્રિમાસિક Non-SLR Portfolio Review રજૂ કરવો.
- Rating Migration Report રજૂ કરવો.
- Concentration Risk ઘટાડવા માટે યોજના રજૂ કરવી.
- Stress Testingના પરિણામો રજૂ કરવા.
- NPI બનવાની શક્યતા ધરાવતા રોકાણો પર Close Monitoring રાખવી.

### બોર્ડ સમક્ષ રજૂ થનારા MIS / અહેવાલો

- Issuer-wise Exposure.
- Group Exposure.
- Sector-wise Exposure.
- Rating-wise Portfolio.
- Rating Migration Report.
- NPI Report.
- Yield Analysis.
- Maturity Profile.

- Provisioning Position.
- Policy Compliance Report.

**Audit Committee શું તપાસશે?**

- Non-SLR રોકાણો RBIના નિયમો મુજબ છે?
- Rating Downgrade થયેલા Issuersની સમયસર સમીક્ષા થઈ છે?
- Prudential Limitsનું પાલન થયું છે?
- Provisioning પૂરતી છે?
- NPI ઓળખ અને Accounting યોગ્ય રીતે થયા છે?
- Boardની અગાઉની સૂચનાઓનું પાલન થયું છે?

**સારા ગવર્નન્સ માટે શ્રેષ્ઠ પ્રથાઓ**

- Quarterly Credit Review ફરજિયાત બનાવવી.
- Early Warning Indicators વિકસાવવા.
- Rating Downgrade પર તાત્કાલિક Action Plan બનાવવો.
- Portfolio Diversificationની નીતિનું પાલન કરવું.
- Stress Testing અને Scenario Analysis દર છ મહિને કરાવવું.

**UCB માટે વ્યવહારુ ઉદાહરણ**

બેંકે ₹10 કરોડના "A" Rated Corporate Bondsમાં રોકાણ કર્યું છે. ત્રિમાસિક સમીક્ષા દરમિયાન Credit Rating "BBB" સુધી ઘટી જાય છે.

બોર્ડે માત્ર આ માહિતી નોંધવી નહીં, પરંતુ મેનેજમેન્ટને નીચેની બાબતો રજૂ કરવા સૂચના આપવી જોઈએ:

- Rating Downgradeનું કારણ.
- Recoveryની સંભાવના.
- Provisioning પર અસર.
- આ રોકાણ વેચવું કે જાળવી રાખવું તે અંગે Risk Assessment.
- ભવિષ્યમાં સમાન Concentration Risk ટાળવા માટેની કાર્યવાહી

**Part V**

## અન્ય બેંકોમાં થાપણ (Placement of Deposits) કરવાની નીતિને મંજૂરી આપવી તથા ઓછામાં ઓછા દર છ મહિને તેની સમીક્ષા કરવી

### RBIની અપેક્ષા

RBIની અપેક્ષા છે કે બેંક અન્ય બેંકોમાં થાપણ (Inter-bank Deposits) કરતી વખતે માત્ર વધુ વ્યાજદરને ધ્યાનમાં ન રાખે, પરંતુ **મૂડીની સલામતી (Safety), પ્રવાહિતા (Liquidity), સામી પક્ષનું જોખમ (Counterparty Risk), નિયમનકારી મર્યાદાઓ (Prudential Limits)** અને બેંકની નાણાકીય જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બોર્ડ દ્વારા મંજૂર કરેલી સ્પષ્ટ નીતિ અનુસાર જ થાપણ મૂકે. બોર્ડ આ નીતિની ઓછામાં ઓછી દર છ મહિને સમીક્ષા કરવી જોઈએ.

### બોર્ડની વિગતવાર જવાબદારી

અન્ય બેંકોમાં થાપણ મૂકવું એ માત્ર રોકાણનો નિર્ણય નથી, પરંતુ તે બેંકની પ્રવાહિતા વ્યવસ્થા (Liquidity Management) અને Counterparty Risk Managementનો મહત્વપૂર્ણ ભાગ છે. તેથી બોર્ડે એવી નીતિ મંજૂર કરવી જોઈએ જેમાં થાપણ મૂક્તા પહેલાં ધ્યાનમાં લેવાના માપદંડો, મંજૂરીની પ્રક્રિયા, મર્યાદાઓ અને જોખમ નિયંત્રણો સ્પષ્ટપણે નિર્ધારિત કરવામાં આવ્યા હોય.

બોર્ડે ખાતરી કરવી જોઈએ કે કોઈપણ એક બેંકમાં અતિશય રકમ થાપણ સ્વરૂપે મૂકવામાં ન આવે. Counterparty Diversificationનું પાલન થાય, RBI દ્વારા નિર્ધારિત Inter-bank Exposure Limitsનું પાલન થાય અને બેંકની પ્રવાહિતા પર તેની પ્રતિકૂળ અસર ન થાય.

દર છ મહિને બોર્ડે તમામ થાપણોની સમીક્ષા કરીને Counterparty-wise Exposure, વ્યાજદર, મુદત, Credit Profile અને કોઈપણ જોખમમાં થયેલા ફેરફારોનું મૂલ્યાંકન કરવું જોઈએ. જો કોઈ બેંકની નાણાકીય સ્થિતિ નબળી બને અથવા તેના પર RBI દ્વારા પ્રતિબંધો મૂકવામાં આવે તો બોર્ડે જરૂરી સુધારાત્મક પગલાં લેવા સૂચના આપવી જોઈએ.

### બોર્ડે મેનેજમેન્ટને આપવાની સૂચનાઓ

- અન્ય બેંકોમાં થાપણ મૂકવા પહેલાં Counterparty Risk Assessment ફરજિયાત કરવો.
- તમામ થાપણો Board-approved Policy મુજબ જ મૂકવા.
- કોઈપણ એક બેંકમાં Exposure મર્યાદા કરતાં વધુ ન થાય તેની ખાતરી કરવી.
- દર છ મહિને Inter-bank Deposit Review Report બોર્ડ સમક્ષ રજૂ કરવો.
- નબળી નાણાકીય સ્થિતિ ધરાવતી બેંકોમાં નવા થાપણ મૂકતા પહેલાં બોર્ડની મંજૂરી મેળવવી.

### બોર્ડ સમક્ષ રજૂ થનારા MIS / અહેવાલો

- Bank-wise Deposit Placement Report
- Counterparty Exposure Report
- Interest Rate Comparison
- Maturity Profile

- Liquidity Position
- Prudential Limit Compliance Report
- Large Deposit Report
- Weak Counterparty Watch List

**Audit Committee શું તપાસશે?**

- Placement Policyનું પાલન થયું છે?
- RBIની Exposure Limitsનું પાલન થયું છે?
- કોઈ એક બેંકમાં અતિશય થાપણ મૂકવામાં આવ્યું છે?
- Counterparty Risk Assessment કરવામાં આવ્યું છે?
- નબળી બેંકોમાં મૂકેલા થાપણોની સ્થિતિ શું છે?
- Provisioning અને Income Recognition RBI મુજબ કરવામાં આવ્યા છે?

**સારા ગવર્નન્સ માટે શ્રેષ્ઠ પ્રથાઓ (Best Practices)**

- Counterparty Credit Rating Framework વિકસાવવો.
- Early Warning Indicators તૈયાર કરવા.
- Counterparty Exposure Dashboard બોર્ડ સમક્ષ રજૂ કરવો.
- મોટા થાપણો માટે Dual Approval System અપનાવવી.
- Stress Scenario Analysis દ્વારા Liquidity Riskનું મૂલ્યાંકન કરવું.

**UCB માટે વ્યવહારુ ઉદાહરણ**

બેંક પાસે વધારાની પ્રવાહિતા તરીકે ₹40 કરોડ ઉપલબ્ધ છે. મેનેજમેન્ટ આ રકમ એક જ Scheduled Commercial Bankમાં મૂકવાની ભલામણ કરે છે.

સારી ગવર્નન્સ અનુસાર બોર્ડે પૂછવું જોઈએ:

- શું એક જ બેંકમાં આખી રકમ મૂકવી યોગ્ય છે?
- શું અન્ય બેંકોમાં વિભાજિત (Diversified) રીતે મૂકી શકાય?
- Counterparty Risk શું છે?
- Exposure Limitનું પાલન થાય છે?

આ વિશ્લેષણના આધારે જ નિર્ણય લેવો.